બેલા ઠાકર

# વુમન ઓફ ધી મન્થ

## સફળ, સાહસિક અને સેલ્ફ મેઇડ બિઝનેસ વુમન રુઝાન ખંભાતા



પિતાના જમાવેલ બિઝનેસને જોઇન કરવાને બદલે **રુઝાન ખંભાતાએ** માત્ર ત્રેવીસ વર્ષની ઉંમરે ઝીરો બેલેન્સ સાથે આઇટી ક્ષેત્રમાં ઝંપલાવ્યું. આજથી લગભગ બે દાયકા પહેલા જ્યારે ગુજરાતમાં ઇન્ટરનેટ અને વેબસાઇટ જેવા શબ્દોથી લોકો અજાણ હતા ત્યારે રુઝાને ધીરજપૂર્વક અને સાહસ સાથે, ઉત્સાહ અને જોશ સાથે લોકોને 'નેટસેવી' બનાવવાનું કામ શરૂ કર્યુ. આજે અઢાર વર્ષ પછી તેઓ ગુજરાતમાં આઇટી ક્ષેત્રે મહત્વનું પ્રદાન આપી રહ્યાં છે. ત્રણ કંપનીઓનું સફળતાપૂર્વક સંચાલન કરી રહ્યાં છે અને રિસર્ચ, ડેવલપમેન્ટ, વુમન એમ્પાવેરમેન્ટ જેવી બીજી અનેક પ્રવૃતિઓ બ્યુટીફૂલ, ઇનોવેટીવ અને સક્સેસફૂલ બિઝનેસ વુમનના જીવનની કેટલીક રોચક અને ઇન્સપાઇરિંગ વાતો...

મેં જ્યારે ત્રેવીસ વર્ષની ઉંમરે પપ્પાને જણાવ્યું કે મારે તમારો બિઝનેસ જોઇન નથી કરવો પણ મારું પોતાનું કંઇક નવું, કંઇક આગવું, કંઇક ક્રિએટીવ કામ કરવું છે ત્યારે ઘરમાં સોપો પડી ગયો. પપ્પા-મમ્મી અવાચક થઇ ગયાં. પપ્પાનો 'રસના ઇન્ડસ્ટ્રિઝ'નો જમાવેલો, તૈયાર બિઝનેસ હતો. એટલું જ નહીં, દસમાં ધોરણથી જ હું ક્લોલની ફેક્ટરી પર જઇને કામ અને બિઝનેસની આંટીઘૂંટીઓ શીખતી આવી હતી. એમ.એસ.સી. થયા પછી રેગ્યુલર પપ્પાની ઓફિસે પણ જતી હતી. પરંતુ એક દિવસ અચાનક જ મનમાં ઊગી આવ્યું કે પપ્પાના નામ થકી, પપ્પાની ઓથ લઇને મારે આગળ નથી આવવું. મારે મારી જાતે મારી ઓળખ બનાવવી છે. પપ્પા-મમ્મીને પહેલા તો મારો આ વિચાર પસંદ ના પડ્યો. ઘરનો બિઝનેસ છે જ, પછી વળી નવું કંઇક કરવાની કે એક કે એકથી શરૂઆત કરવાની વાત કેવી? પણ હું મારા ઇરાદામાં મક્કમ હતી. મેં તેમને કહ્યુ કે મારે કમ્પ્યૂટરનો બિઝનેસ કરવો છે.

આજે ઇન્ટરનેટ, કમ્પ્યૂટર અને વેબપેજ જેવા શબ્દો સાવ સામાન્ય થઇ ગયા છે, પણ હું વાત કરું છું ૧૯૯૪ની, જ્યારે અમદાવાદમાં કમ્પ્યૂટર હજુ નવાસવાં હતા અને ઇન્ટરનેટથી લોકો અજાણ હતા. મેં પપ્પાની જ ઓફિસમાં એક નાનકડા રૂમમાં નાના પાયે કામ શરૂ કર્યું. લોકોને મળતી, ફિલ્ડમાં જતી. એ વખતે વેબસાઇટનો તો કોઇ કન્સેપ્ટ જ નહોતો. તેમને વેબપેજનો કન્સેપ્ટ સમજાવી તે બનાવવા માટે તૈયાર કરવાના હતા. કેટલીક વાર કામનો ઓર્ડર મળતો, કેટલીક વાર કેન્સલ પણ થઇ જતો! છતાં નિરાશ કે નાસીપાસ થયા વગર પૂરા પેશન સાથે મારા કામમાં લાગેલી રહેતી.

આજે અઢાર વર્ષ પછી ગુજરાતમાં આઇટી ક્ષેત્રે મારી કંપની અવ્વલ છે તેનો મને ગર્વ છે. વિજ્ઞ-ઓ-ટેક અને રીચગુજરાત ડોટ કોમ (reachgujarat.com) એ બે કંપનીની હું પ્રોપરાઇટર છું. N Wave Tech Pvt. Ltd. yLku E Comm Opportunities Pvt. Ltd. કંપનીઓની ડિરેક્ટર છું. એન્ટરપ્રિન્યોરશીપની અનેક કંપનીઓ સાથે હું સંકળાયેલી છું. વર્ષો પહેલાં આઇટી ક્ષેત્રે મેં મારી હિંમતથી ઝંપલાવેલું અને આજે મારી મહેનત, ડેડિકેશન અને ઓનેસ્ટીને કારણે એ નાનું પગલું હરણફાળમાં ફેરવાઈ ગયું છે તે વાતનો ખૂબ સંતોષ અને આનંદ છે.

મારા દરેક કામમાં, દરેક નિર્ણયમાં મારા પપ્પા-મમ્મી, ભાઇ-બહેનનો મને ખૂબ સપોર્ટ રહ્યો છે. મારા ફેમેલીના સપોર્ટ વગર હું આટલી આગળ ના આવી શકી હોત તે નિઃશંક છે. વાસ્તવમાં હું જે કંઇ છું, તેમાં મારા ઘડતરે બહુ મોટો ભાગ ભજવ્યો છે. જન્મ એવા પારસી કુટુંબમાં થયો જ્યાં પહેલેથી જ પૈસાની કોઇ કમી નહોતી; પરંતુ મારાં પપ્પા-મમ્મીએ અમારા ત્રણે ભાઇ-બહેનોનો ઉછેર ખૂબ શિસ્તપૂર્વક કર્યો અને નાનપણથી જ અમે સ્વાવલંબી બનીએ અને પૈસાની કિંમત સમજીએ તે બાબતનો પૂરો ખ્યાલ રાખ્યો.

મારો જન્મ ૯ મેના રોજ અમદાવાદમાં થયો. પિતા અરીજ ખંભાતા અને માતા પરસીસ ખંભાતાનું હું ત્રીજું અને સૌથી નાનું સંતાન. ભાઇ પીરુઝ અને ડેલના મારાથી મોટાં. ઘરમાં હું સૌથી નાની એટલે સ્વાભાવિક રીતે જ સહુની લાડકી પણ હતી. અમારું બહુ જ ક્લોઝ નીટ ફેમિલી હતું, પપ્પાએ 'રસના' નો બિઝનેસ આપબળે જમાવ્યો હતો. બિઝનેસ બહોળો હતો એટલે તેઓ ખાસ્સાં વ્યસ્ત રહેતાં પણ હંમેશા અમારા માટે પૂરતો સમય ફાળવતા. નાનપણમાં હું ખૂબ મસ્તીખોર હતી અને 'ટોમ બોય' તરીકે ઓળખાતી. મારી મોટી બહેન ખૂબ બ્યૂટીફૂલ, શાંત, 'લેડી' ટાઇપ હતી જ્યારે હું ખૂબ ધમાલમસ્તી કરતી. મોટે ભાગે છોકરાઓ જોડે જ રમતી-ફરતી-આમ છતાં હું ટીચરોની 'પેટ' હતી.

મારું શિક્ષણ ગુજરાત લો સોસાયટીમાં સંપન્ન થયું. સ્કૂલમાં હું ખૂબ પોપ્યુલર હતી. કોઇની દાદાગીરી હું જરાયે સાંખી ના લઉં. નાનપણનો એક પ્રસંગ બહુ મજેદાર છે. હું તે વખતે આઠમાં ધોરણમાં ભણતી હતી.



એક દિવસ રિસેસમાં બાજુના ક્લાસમાં એક છોકરી રડતી હતી. પૂછતા ખબર પડી કે વર્ગમાં તેની બેન્ચ પાછળ બેસતો એક છોકરો પાછળથી તેને પેન્સિલ ભોંકતો હતો. આપણે હીરો બનીને એ છોકરાને શોધવા નીકળ્યા. છોકરો ડરનો માર્યો બોયઝ બાથરૂમમાં ઘૂસી ગયો. આપણે પણ બોયઝ બાથરૂમમાં ઘુસ્યા. એ છોકરાને ફેંટ પકડીને બહાર










કાઢ્યો ને સહેજ ધક્કો માર્યો. છોકરો સૂકલકડી હતો તે ગબડી પડ્યો. આપણે જરા બે-ત્રણ લાત મારી. બસ, આટલું જ, ને આખી સ્કૂલમાં વાત ફેલાઈ ગઈ કે રુઝાને પેલા છોકરાને ધીબેડ્યો! પ્રિન્સીપાલે પપ્પા-મમ્મીને સ્કૂલમાં મળવા બોલાવ્યા. સદ્ભાગ્યે છોકરાને કોઈ ખાસ ઈજા નહોતી થઈ, પણ આ બનાવથી સ્કૂલમાં ખાસ્સી ચહલપહલ મચી ગઈ હતી. પપ્પા તો આજેય ઘણીવાર આ પ્રસંગ યાદ કરીને મારી મજાક ઉડાવે છે.

પપ્પા 'સિમ્પલ લિવીંગ, હાઈ થિંકીંગ'માં માનતા હતા. ઘરે ગાડી હતી, પણ સ્કૂલ ઘરની નજીક હોવાથી અમારે સ્કૂલે ચાલતાં જ જવાનું. તે જ રીતે સાંજે એમ.જે. લાઈબ્રેરીમાં જવાનું હોય કે જીમખાનામાં સ્કેટિંગ કરવા જવાનું હોય. મમ્મી અમને બધે ચાલતા જ મોકલતી. નાનપણમાં અમે માંડ બેએક વાર બર્થડે પાર્ટી ઉજવી હશે. તે વખતે ઘણી વાર ગુસ્સો આવતો પણ આજે સમજાય છે કે મા-બાપે અમારું કેટલું સારું ઘડતર કર્યું હતું. તેમણે દરેક ચીજની, પૈસાની વેલ્યુ સમજાવી છે. પૈસા છે એટલે જેમ ફાવે તેમ ઉડાડવાના નહીં, પણ સમજીને વાપરવાના. પપ્પા અમને હંમેશા કહેતા કે પૈસાની ઈજ્જત કરો. જોકે, અમારી લાઈફસ્ટાઈલમાં જરાયે કંજુસાઈ નહોતી. પપ્પાએ અમને દેશ-વિદેશોમાં ખૂબ ફેરવ્યા છે. ઘણી વાર ફોરેન ટ્રીપ પણ કરાવી છે.

મારામાં નાનપણથી જ લીડરશીપનો ગુણ હતો. દસમાં ધોરણમાં હું મારી સ્કૂલની હેડ પ્રિફેક્ટ બની હતી. એ વર્ષે કોઈ કારણસર પ્રિન્સિપાલે નવરાત્રિમાં સ્કૂલમાં ગરબા યોજવાની ના પાડી હતી. અમે સ્કૂલમાં એક દિવસની સ્ટ્રાઈક કરી હતી જે સફળ થઈ હતી અને અંતે પ્રિન્સિપાલે ગરબાનું આયોજન કરવા સંમતિ આપી હતી. સ્કૂલમાં મારી ગણના 'ગુડ સ્ટુડન્ટ' તરીકે થતી હતી. હુ ફર્સ્ટ નંબર કદી ના લાવું, પણ ફર્સ્ટ ક્લાસ હંમેશા લાવતી. મને સ્પોર્ટસનો પણ ખૂબ શોખ હતો. હુ એક સારી વોલીબોલ પ્લેયર હતી. ડિબેટ, ઈલોક્યુશન, ડ્રામા વગેરેમાં પણ ઉત્સાહભેર ભાગ લેતી. તેમાં ઘણાં ઇનામો પણ જીત્યાં છે. દસમાં ધોરણથી જ મેં પપ્પા સાથે તેમની ફેક્ટરી પર જવાનું ચાલુ કરી દીધું હતું. તે વખતે અમારી ફેક્ટરી અસારવામાં હતી, પાછળથી તે કલોલમાં શિફ્ટ થઈ. પપ્પા આખો દિવસ ફ્લોર પર ઊભા રહે. હું પણ તેમની સાથે ઊભી રહેતી. વર્કર માટે ચેર હોય, પણ મારે તો ઊભા જ રહેવું પડે. બારમા ધોરણના વેકેશનમાં પણ હું રોજ ફેક્ટરી પર જતી. આ રીતે મને ગ્રાસ રૂટ લેવલથી કામની ટ્રેનિંગ મળી.

બારમાં ધોરણ પછી મેં સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી સાયન્સમાં ગ્રેજ્યુએશન કર્યું. ત્યાર બાદ લાઈફ સાયન્સમાં એમ.એસ.સી. કર્યું. કોલેજ લાઈફ ખૂબ એન્જોય કરી. મારે ખૂબ મિત્રો હતા. છોકરા-છોકરીઓ, હોસ્ટેલનાં સ્ટુડન્ટસ-બધાં જ મને ઓળખે. વગર બોલાવ્યે સહુની હેલ્પ કરવા પહોંચી જઉં! એમ.એસ.સી. પણ રમતાં-રમતાં કર્યું. તે વખતે હું પામિસ્ટ હોવાનો ઢોંગ કરતી અને કીટલી પર બેસી લોકોના હાથ જોઈ તેમને ઉલ્લુ બનાવતી. તે એક નિર્દોષ મસ્તી હતી. ભણવાનું સારી રીતે પતી ગયું. એ વખતે ઓફિસમાં નવુંસવું કમ્પ્યુટર શીખવાનું થયુ. મને રસ પડ્યો. ધીરે ધીરે મેં જાતે જ પ્રોગ્રામિંગ કરવાનું ચાલુ કર્યું. પછી પોતાના પગ પર ઊભા રહેવાની વાત આવી. પપ્પાનો બિઝનેસ હું જોઈન કરી શકું તેમ હતી. તેઓ પણ એવું જ ઈચ્છતા હતા. પરંતુ મેં નક્કી કરી લીધું હતું કે હું કંઈક નવું જ કરીશ, મારાં પોતાનાં બળે કરીશ. પપ્પા કેમિકલની ફેક્ટરી ખોલી આપવા તૈયાર હતા. પણ મેં નમ્રતાથી ના પાડી દીધી. મને તેમાં રસ નહોતો. મે નાના પાયે સોફ્ટવેર ક્ષેત્રે ડિઝાઈનિંગ પ્રોગ્રામિંગ અને મલ્ટીમિડીયા પ્રેઝન્ટેશનનું કામ ચાલુ કર્યું. મેં જાતે જ એક નાનકડી ટીમ ઊભી કરી. નેવુંના દાયકામાં લોકોને હજુ કમ્પ્યુટર અને આઈટી ક્ષેત્રની ઝાઝી જાણકારી નહોતી. હું નારોલ, વટવા, ઓઢવ, જેવા ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં ખરા બપોરે ફરતી. લોકોને મળતી. ગાડીમાં મોટાં મોટાં કમ્પ્યુટર્સ નાંખીને લઈ જતી. મને આ રીતે જોઈને ઘણાંને નવાઈ લાગતી કે આ ત્રેવીસ વર્ષની યુવતી, પોતે વિઝ-ઓ-ટેક કંપનીની ડિરેક્ટર છે અને પોતે જ ફિલ્ડ વર્ક કરે છે! પરંતુ પપ્પાએ શરૂથી જ શીખવ્યુ હતું કે લીડ ફ્રોમ ફ્રન્ટ, વર્ક ફ્રોમ ગ્રાસરૂટ લેવલ.' તેઓ હંમેશા કહેતા કે બિઝનેસ એ.સી. રૂમમાં બેસીને ન થઈ શકે, ફિલ્ડમાં ફરવાથી જ થાય. એ વાતને મેં આત્મસાત કરી લીધી હતી.

ધીરે ધીરે મારો બિઝનેસ વિકસતો ગયો.

ફાલતો ગયો. તે વખતે આ ફિલ્ડમાં બહુ જ ઓછા લોકો હતા અને મારી તેમાં માસ્ટરી હતી. હું ઝીરોથી બિઝનેસ શરૂ કરીને તેને લાખો-કરોડો સુધી લઈ ગઈ એનો મને ખૂબ સંતોષ છે. હું જે રાતે ઇચ્છતી હતી તે રીતે મારું પોતાનું નામ માં મારી જાતે બનાવ્યું


આઈ.ટી. ક્ષેત્રનો વધુ અનુભવ અને જાણકારી મેળવવા મેં માન્ચેસ્ટર ખાતે આઈ.ટી. મેનેજમેન્ટનો શોર્ટ ટર્મ કોર્સ પણ કર્યો. હૈદ્રાબાદથી પણ આવો કોર્સ કર્યો. મને યુથમાં ઘણો વિશ્વાસ છે. મેં ઘણાં ફ્રેશર્સને મારી કંપનીમાં કામ કરવાની તક આપી છે. આ યંગ છોકરાઓને દરેક કામની ફાવટ આવે, તેઓ મલ્ટીટાસ્કીંગ બને તે માટે હું તેમને દરેક પ્રકારનું કામ શીખવતી. આમાંના અનેક છોકરાઓ આજે મોટી મોટી કંપનીઓમાં કામ કરે છે. તેમની સફળતા જોઈને ખૂબ આનંદ થાય છે. મારી ઓફિસમાં કામ કરતાં કર્મચારીઓના વેલફેરનું હું ખુબ ધ્યાન રાખું છું. બિઝનેસમાં

## કોલેજના ઇતિહાસમાં પ્રથમ મહિલા GS (જનરલ સેક્રેટરી) બનીને ઇતિહાસ રચ્યો...

હું સેન્ટ ઝેવિયર્સ કોલેજના થર્ડ યરમાં હતી ત્યારે મને કોલેજના GS (જનરલ સેક્રેટરી) બનવાની સનક ઉપડી. કોલેજમાં GS માત્ર એક જ હોય; અને આજ સુધીના ઇતિહાસમાં GS તરીકે માત્ર છોકરો જ ચૂંટાતો. કોઈ છોકરી હજુ સુધી કોલેજની GS બની નહોતી એટલે આ કામ મારા માટે મુશ્કેલ તો હતું જ. પરંતુ મને મારી  લીડરશીપ અને પોપ્યુલારિટીમાં વિશ્વાસ હતો. કોલેજમાં મારી ઇમેજ બહુ જ પોઝિટીવ હતી. મમ્મી-પપ્પાએ નાનપણથી જ મોટેરાંઓનો આદર કરતાં શીખવ્યું હતું. હું આવો આદરભાવ મારા ટીચર્સ પ્રત્યે દાખવતી હતી એટલે ટીચર્સની હું લાડકી હતી. લેડીઝ હોસ્ટેલની છોકરીઓની મદદે હું અવારનવાર દોડી જતી એટલે તેમની પણ હું પ્રિય હતી. મારા ફ્રેન્ડઝ બોયઝ હોસ્ટેલના છોકરાઓ-બધાનો મને ખૂબ સપોર્ટ હતો. મારી લોકપ્રિયતા અને મિત્રવર્તુળ બન્ને ખૂબ વ્યાપક હતાં અને એટલે જ હિંમતભેર મેં ઇલેક્શનમાં ઝૂકાવ્યું અને 'GS' તરીકે ચૂંટાઇ આવી. સેન્ટ ઝેવિયર્સ કોલેજના ઇતિહાસમાં  આપણે બંદા 'ફર્સ્ટ લેડી GS' બનવાનુ બહુમાન ખાટી ગયાં!

હું જે વર્ષે GS તરીકે ચૂંટાઇ તે વર્ષે અમદાવાદમાં કોમી દંગલો ફાટી નીકળ્યાં હતાં. પ્રિન્સિપાલે દર વર્ષે ડિસેમ્બરમાં યોજાતાં કલ્ફેસ્ટ (કલચર ફેસ્ટીવલ) માટે ના પાડી, તેમ છતાં મેં તેમને મનાવીને કલ્ફેસ્ટનું આયોજન કર્યું. ચિંતા હતી કે આવાં વાતાવરણમાં શો જોવા કોણ આવશે? પરંતુ શો ના દિવસે ઓડિટોરિયમ ખીચોખીચ ભરાઇ ગયું અને શો હીટ ગયો.

મારો સાહસિક સ્વભાવ અને મેનેજમેન્ટ સ્કીલ અહીં ઘણાં કામ લાગ્યાં.










એટીટ્યૂડ ખૂબ કામ કરે છે. અમે કસ્ટમર કેરમાં ખૂબ વિશ્વાસ કરીએ છીએ. કસ્ટમરને બેસ્ટ સર્વિસ આપવી એ અમારી નીતિ છે.

બિઝનેસ હંમેશા સારો જ પૂરવાર થાય એવું નથી હોતું. ઘણી વાર જેમની પર ખૂબ વિશ્વાસ હોય તેવા કર્મચારીઓએ દગો કર્યો છે. સોફ્ટવેર ચોરીને ચાલ્યા ગયા એવા કિસ્સા પણ બન્યા છે. જેમને તાલીમ આપીને તૈયાર કર્યા હોય તેવા છોકરાઓ કીધા વગર જ નોકરી છોડીને ચાલ્યા જાય તેવું પણ બન્યું છે. આવે વખતે થોડું નાસીપાસ થઈ જવાય પણ 'હિંમતે મર્દા તો મદદે ખુદા', ફરી પાછી હિંમત ભેગી કરીને બેઠી થઈ જઉં. નવી ટીમ બનાવું. પ્રોબ્લેમ તો જીવનમાં આવવાના જ, તેનો હિંમતભેર સામનો કરવાનું હું શીખી છું. હું હંમેશા કંઈક નવું, સાહસિક, ઈનોવેટીવ કામ કરવાનો વિચાર કરતી રહું છું.

વિઝ-ઓ-ટેકનો બિઝનેસ ખૂબ સારો ચાલ્યો પછી મેં કેબલ-ઈન્ટરનેટ સર્વિસ (ISP) પ્રોવાઈડ કરતી 'E-comm' કંપનીની સ્થાપના કરી. તે વખતે એટલે કે ૧૯૯૯માં બ્રોડબેન્ડ સર્વિસ પ્રોવાઈડ કરતી કંપનીઓ દેશમાં આંગળીના વેઢે ગણાય તેટલી હતી. 'E-comm' માં પણ મારી ટીમ ખૂબ સરસ હતી. જોકે, તેમાં પણ મેં કંપનીની ડિરેક્ટર હોવા છતાં ગ્રાસરૂટ લેવલે કામ કર્યું અને ઘણો સંઘર્ષ કર્યો. કેબલ નાખવા અમે ધાબે ચડતા, ટાંકીઓ પર ચડતાં, કોઈ કર્મચારી તો ઝાડ પર પણ ચડ્યો છે. હું હંમેશા તેમની સાથે જઉં. ચોમાસામાં લાઈન ડાઉન થઈ જાય ત્યારે લોકો ગાળો પણ આપે! તેમને શાંતિથી સાંભળું, સમજાવું અને તેમની સમસ્યાનું નિરાકરણ લાવું. મારા વગર ચાલે નહીં! જો હું એમ કહુ કે 'E-comm' કંપનીએ ગુજરાતમાં ઈન્ટરનેટ અને બ્રોન્ડબેન્ડ બિઝનેસને વિકસાવવામાં સિંહફાળો આપ્યો છે તો તે અતિશયોક્તિ નહીં ગણાય. ૨૦૦૪માં મેં ગુજરાતના ટુરિઝમ કોર્પોરેશન સાથે ટાઈ-અપ કરીને ગુજરાતમાં ટ્રાવેલ અને ટુરીઝમની ચાવીસ કલાક ઓનલાઈન બુકીંગ સર્વિસ પૂરી પાડતું પોર્ટલ reachgujrat.com શરૂ કર્યું, જેને પણ ખૂબ બહોળો પ્રતિસાદ મળ્યો. ગુજરાતમાં આ રીતે ટ્રાવેલનું ઓનલાઈન બુકીંગ કરી આપતી આ પહેલા સર્વિસ હતી.

આજે આ ત્રણે કંપનીની હું ચેરપર્સન છું અને સફળતાપૂર્વક, ઉત્સાહપૂર્વક, આનંદપૂર્વક તેમનું સંચાલન કરું છું. આઈ.ટી. ક્ષેત્રે કરેલા નોંધપાત્ર પ્રદાન બદલ મને ઘણા એવોર્ડસ પ્રાપ્ત થયા છે. જેમ કે, 'ગૌરવવંતા ગુજરાતી એવોર્ડ', 'ભારતીય વિકાસ રત્ન એવોર્ડ', 'આઉટસ્ટેન્ડીંગ વિમેન એન્ટરપ્રેન્યોર' વગેરે. ઘણા લોકો મને મારા બિઝનેસની સફળતાનું કારણ પૂછે છે ત્યારે હુ તમને કહું છું કે તમે કોઈ પણ કામ કરો તો તેમાં વેલ્યૂ એડીશન કરો, કશુંક એક્સ્ટ્રા આપો. તો જ તમે બીજાથી જુદા તરી આવશો. તમારી વીકનેસને તમારી સ્ટ્રેન્થમાં કન્વર્ટ કરો. હું માનું છું કે નોલેજ ઈઝ પાવર. સતત નવું જાણતાં રહો, શીખતા રહો. પૈસાને નહીં, સફળતાને તમારુ ધ્યેય બનાવો. જો તમે સફળ થશો તો પૈસા અને કીર્તિ આપોઆપ તેની પાછળ આવવાના છે. પ્રોબ્લેમને પડકાર તરીકે લો, આગળ વધવાની તક સમજો. હંમેશા કશુંક નવું, ક્રિએટીવ વિચારતા રહો. એક્સપેરિમેન્ટ કરો. કંઈ પણ નવીન કરતાં ડરો નહીં. 'મંઝિલ મિલ હી જાયેગી ભટકતે હી સહી, ગુમરાહ વો હુએ જો ઘર સે નિકલે હી નહીં!'

મને યુથ અને વિમેન માટે કામ કરવું ખૂબ ગમે છે. દસ વર્ષથી હું વિમેન એમ્પાવરમેન્ટ માટે કામ કરું છું. તે માટે અવરનેસ આવે તેના માટે સ્પીચ આપું છું, પ્રોગ્રામો કરું છું. હું હાર્ડકોર ફેમિનીસ્ટ છું. સ્ત્રીઓને મદદ કરવા હું હંમેશા તત્પર રહું છું અને ઘણી વખત મારી રીતે સ્ત્રીઓને મદદ કરતી હોઉં છું. સ્ત્રીઓને મારે એટલું જ કહેવુ છે કે ભગવાન પાસે કંઈ પણ માંગવું હોય તો 'અભયદાન' માંગો. નિર્ભીક બની જશો તો કોઈ તમને ડરાવી-સતાવી નહીં શકે. જિંદગી છે એટલે સમસ્યાઓતો આવવાની. તેનો હિંમતપૂર્વક સામનો કરો, મદદ માંગો પણ રડો નહીં. બીજા આગળ રડવાથી તમે વધુ નબળા બની જાઓ છો. આપણે સ્ત્રીઓ 'મા' છીએ અને જરૂર પડે 'કાલી મા' પણ બનવું પડે છે. રૌદ્ર સ્વરૂપ પણ ધારણ કરવું પડે.

હું સ્ત્રી છું અને સ્ત્રી હોવા બદલ ખૂબ ગર્વ અનુભવું છું. મારે જનમોજનમ સ્ત્રીનો જ અવતાર પ્રાપ્ત કરવો છે. હું જીવન પ્રત્યે ખૂબ પોઝિટીવ આઉટલુક ધરાવું છું અને સ્ત્રીઓને કહેવા માગું છું કે હંમેશા જીવન પ્રત્યે, તમારી જાત પ્રત્યે પોઝિટીવ આઉટલુક ધરાવીને જ જીવો. ❑